


પ્ર. ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત

સુરતમાં [illegible] ગાંડીવ સા-
હિત્ય મંદિર તરફથી નટવર-
લાલ વીમાવાળાએ પ્રગટ કરી:
સંવત ૧૯૮૫ આવૃત્તિ પહેલી
કિમ્મત આનો એક



શેખી કરનાર પ્રાણીની કેવી
વલે થાય છે તેની આ રમુજી
ને બોધક વાત બાળકોને
ગમશે એવી આશા છે. એનું
મુળ બંગાળીમાંથી પ્રાપ્ત થયું
છે. ફેરફાર ઘણો કર્યો છે.

ગધેડાનું રાજ!

(૧)

(જગુની વાત)

ભાણુકાકા પાછલી શેરીમાં રહે.

ભાણુકાકા બહુ ભલા. હું જ્યારે જાઉં ત્યારે જાંબુ ખાવા આપે. એમના વાડામાં જાંબુડી હતી. જાંબુ તો એવાં સરસ થાય!

ભાણુકાકા કુંભાર હતા. તેમને ત્યાં કોડીયા, ને ઝોળી, ને માટલાંના ઢગલા પડ્યાજ હોય. કાચા પણ હોય ને પકવેલા પણ હોય. કાકા ભઠ્ઠી વાડામાંજ કરે ને તેમાં બધું પકવે. ઈંટ તો ભાણુકાકાની બહુજ વખણાય.

એમને ત્યાં ત્રણ ચાર ગધેડાં. ઘરાકને ઘેર ઈંટ લઇ જવી હોય તો ગધેડાં કામ લાગે. ગામ બહારથી માટી લાવવી હોય તોય ગધેડાં તૈયાર. બિચારાં કામ બહુ કરે. ને ખાવામાં તો થોડું ઘણું જે મળે તેનાથી ચલાવી લે.

તોયે કામ પૂરૂંજ ન થાય! ભાણાકાકાનો વેપાર જબરોને! ઘરનાં બધાં માણસ કોડીયા ને ઇંટ ને માટલા બનાવ્યાંજ કરે.

એક દહાડો મેં કહ્યું: ભાણાકાકા, ભઈશાબ! તમે તો બહુ કામ કરાવો છો! કોઈ દહાડો તો આ ગધેડાને આરામ આપો. અમને રવિવારની છૂટી મળે છે તો એનેય કોઇ દિવસ તો પગ વાળીને બેસવા દો.

ભાણાકાકા કહે: તું તો ગાંડો છે ગાંડો! વળી ગધેડાને આરામ કેવો, ને વાત શી? એ તો ગધેડાં તે ગધેડાં, ડીફણાં ખાય ને કામ કરે! એ તો વૈતરૂંજ કર્યાં કરવાના!

ના ભઇશાબ!—હું બોલ્યો, તમે તો બહુજ



કામ કરાવ્યાં કરો છો. આ નવું બચ્ચું તમારે ત્યાં
આવ્યું છે તે મને આપો. હું એને મારે ત્યાં રા-
ખીશ, ખવડાવીશ પીવડાવીશ ને પાછું મોકલીશ.
કામ નહિ કરાવું. માટે બે દહાડા મારે ત્યાં મોકલો.

ભાણુકાકા તો હસી પડ્યા: અરે, વળી એવો ક્યાંથી શોખ તને થયો ? અલી દિવાળી, સાંભળે છે કે ! આ પેલા ગંગલાને આ જગુશેઠને ઘેર મૂકી આવ.

ભાણુકાકાએ બધા ગધેડાંના નામ પાડેલાં હતાં. મેં માંગ્યું તે બચ્ચાંનું નામ ગંગારામ પાડેલું હતું. દિવાળી તે ભાણુકાકાની મોટી દિકરી હતી.

(૨)

ગંગારામ તો મારે ત્યાં આવ્યો. પછી હું ને પડોશનો ઠાકોર ને જમના કાકીનો ગોરધન ને બધા સૌ તેની સાથે રમવા મંડ્યા. તેને મણકાની કંઠી પહેરાવી. તેના પગ લાલ શાહીથી રંગ્યા ને બહુ બહુ મઝા કરી.

સાંજે ફરવા ગયા તે ગંગારામને લઇ ગયા. નદીકિનારે જઇને બેઠા. ઠાકોર, ગોરધન ચંપી ને હું છાપાછાવ ખૂબ રમ્યાં. હું તો રમી રમીને થાકી ગયો એટલે થાક ખાવાને ઝાડ તળે બેઠો– જરા આડો પડ્યો. મેં કહ્યું: તમે તમારે રમો.

ગંગારામ થોડે દૂર મણકાના શણગાર સાથે ફરતો હતો.

થોડી વારે હું જોઉં છું તો ગંગારામ ધીમે ધીમે મારી પાસે આવ્યો. ડોલતો ડોલતો આવ્યો, ને ચારે પગ વાળીને મારી સામે બેઠો. એણે તો બેસીને રડવા માંડયું, ને ડુસકા ખાવા લાગ્યો. એની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. મને એની દયા આવી. બિચારો દુખિયારો રડે છે! એને કેટલું બધું કામ કરવું પડતું હશે!

મેં એના આંસુ લુછ્યાં. ને કહ્યું: છાનો રહે ગંગારામ! છાનો રહે. રડ મા! હોય. હું ભાણા-કાકાને કહીશ. તે તારી પાસે બહુ કામ નહિ કરાવે.

એટલે તો ગંગારામે પોતે આંસુ લુછી નાં-ખ્યાં ને ધીમે ધીમે કટકે કટકે બોલવા માંડયું: શું કહું, જગુ શેઠ! એ કામનું કંઈ મને દુઃખ નથી! મને તો મારી તાબેદારીનું દુઃખ છે. અમે ગધેડાંની જાત, સૌથી ઉત્તમ જનાવર—

હું અજાયબીથી બોલી ઉઠયો: ઉત્તમ જના-

વર !——!

હા, જગુ શેઠ ! તમને નવાઇ લાગશે. પણ સૌ પ્રાણીના રાજા અમે ગધેડાજ !

એ તો વળી આજેજ સાંભળ્યું !—મેં નવાઇથી કહ્યું.

ત્યારે તમને અમારી વાત ખબર નથી ?!—ગંગારામ બોલ્યો.

ના ભાઈ. શી વાત છે ? મને તો તું રડે છે તે નથી સમજાતું !—

ઓહો ! લ્યો ત્યારે હું તમને બધી વાત કહું. એટલે મારૂં રડવું પણ સમજાશે ને વળી બધી ખબર પણ પડશે.

(૩)

(ગંગારામની વાત)

જગુશેઠ ! અમે ગધેડા તે કોણ ? અમારી દશા આજે દયામણી છે. દુ:ખ ભરેલી છે. પણ મૂળે તો સૌ જાનવરોના રાજા અમે. તે વખત હવે તો જતો રહ્યો.

સૌ તે વેળા અમને માન આપે. અમારા હુકમ માને. અમને રાજા ગણે. પશુરાજ કહીનેજ બોલાવે.

આજકાલ પેલા જંગલી સિંહને સૌ રાજા કહે છે. જમાનો બધો બદલાઈ ગયો અને ઉલટપાલટ થઈ ગયો. અમારી જાહોજલાલી સૌ વીસરી ગયાં. કોઇ તે જાણવાની દરકાર કરતું નથી, મરજી પણ દેખાડતું નથી. જગુશેઠ, તમારો હું શું પાડ માનું?

આજનો કમનસીબ ગધેડો તે તે વેળાનો નસીબદાર પશુરાજ. આજે તો માણસ ને જાનવર બધાં સાથે સાથે રહે છે. તે વેળા એવું નહોતું. તે વેળા માણસને દૂરદૂરથી જોઇ અમે પશુઓ ધારતા કે આ પણ આપણા જેવો કોઇક જીવ છે. અમને તેની પિછાન નહિ, તેને અમારી નહિ. દૂર દૂરથી એક બીજાને જોઇએ તેટલુંજ.

તે વેળા અમારા સૌથી પહેલા વડવાને સૌ પશુએ રાજા કરીને સ્થાપેલો. તેના ચહેરા સાથે

જેનો ચહેરો મળતો આવે તેને ભારી માન મળે. સૌથી વધારે જ્ઞાન કે ડહાપણ જોઇએ તો એનામાં-જ. કોઈ બાબતમાં કંઈ વાંધો ઉઠે તો એ નિકાલ કરે. કંઇ સમજ ન પડે તો એ ઉકેલ કરે, ખુલાસો આપે. ને એને કંઇ ન સમજાતું હોય તો બસ, ખલાસ. કોઇ પછી એ વાતજ આગળ ન ચલાવે. ચલાવ્યાથી વળે પણ શું ?



(૪)

પણ એક વાર સૌ બેઠા હતા. રાજાજીનો દરબારજ ભરાયો હતો સમજોને. એક મોટા ખડક પર રાજાજી—અમારા મૂળ વડવો—બિરાજેલા. નીચે આસપાસ વાઘ ને સિંહ ને વાંદરો, બકરું, બિલાડી, શિયાળ, લોંકડી, ઘોડો, ખચ્ચર, રીંછ, ઉંટ, કાચબો, સૌ અદબથી બેઠાં હતાં. તેઓ સૌ રાજાજીનો દરજ્જો જાળવીને બેઠેલા. ધીમે સાદે બોલે. લળી લળીને સલામ કરે. ને ધીમે ધીમે વાતો કરે. ત્યાં શેષનાગની વાત નીકળી. શેષનાગ કોણ તે તો જગુશેઠ જાણો છો ને?

હા, હા,—મેં કહ્યું: પેલો પૃથ્વીને ઉંચકી રહેલો કહેવાય છે તે ને?

હા, તેજ. વાત વાતમાં કોઇ બોલ્યું: બાપ, એ નાગ જબરો તો ખરો. આવી મોટી ધરતી માથે શી રીતે ઉંચકતો હશે?

પણ રાજાજી,—અમારો વડવોસ્તો—એકદમ ખોંખારીને બોલ્યા: હાં, હાં! એમાં શું નવાઇ

પામ્યા? એ શેષનાગને હું પણ ઓળખું છું. પણ ફેણ પર ધરતી રાખવી તેમાં મોટી ધાડ શી મારવી? મનની દૃઢ ઇચ્છા હોય તો સૌ કંઇ થાય.

ઘરોળી બિચારૂં નાનું શું પ્રાણી. તે ચું ચું કરતું બોલ્યું: હા, હા! રાજાજી જેવા રાજાજી કહે એ વાતમાં તે શી મણા હોય? નક્કી એમજ હશે.

રાજાજીના દરબારમાં સસલાજીનું માન તે વેળા ભારે. બંનેના ચહેરા મળતાને!

તે દહાડે તેનો એક પગ દુઃખતો હતો. કંઇક વાગ્યું'તું. ચલાતું નહતું એટલે એક વાઘની પીઠે ચઢી ભાઇ આવેલા. દરબારમાં હાજર તો રહેવુંજ પડેને!

રાજાજીની વાતમાં ઘરોળીએ ટહુકો પૂર્યો. પણ સસલાજીનું મન ન માન્યું. તેણે ડોકું ધૂણાવ્યું ને બોલ્યો: એ વાત કંઇ ભાઇ આપણે ગળે ઉતરતી નથી. આવી મોટી ધરતી કંઇ મનના જોરથી

ન ઉંચકાય. શરીરની મજબૂતી પણ જોઇયેસ્તો.

એકદમ રાજાજી ઘોઘરે ઘાંટે બોલી ઉઠયા: અરે, તું શું સમજે! હું કહું તે માનો. મનનુંજ જોર, બાબા, મનનુંજ જોર! અરે, હું જો ઇચ્છા કરૂં તો એકાદો પહાડ તો કશી મહેનત વગર હું પણ માથે ઉંચકી આપું!

પશુમંડળીમાં એકદમ સૌ જાણે અજાયબ થતા દેખાયા. ઉંટની લાંબી ડોક એકદમ સળવળ થતી દેખાઇ, સિંહની યાળ થરથર ધ્રુજવા લાગી, કાચબાએ પોતાનું શરીર એકદમ સમેટી લીધું! કેટલાક તો ગભરાયા! સસલો રાજાજીની સામે આમ બોલ્યો એટલે હવે થશે શું? સૌ ફિકરમાં પડયા!

(૫)

આ જોઇ રાજાજીના હરખનો પાર ન મળે. તેમણે ખોંખારો કરી ડોકું ધુણાવ્યું, ને બોલ્યા: ને નહિ માનતા હોય તે આવો મારી સાથે! હું તમારી ખાતરી કરી આપું! એક પહાડ તો આમ

રમતાં રમતાં ઉંચકું! બાકી જો બરાબર મનસુબો કરૂં તો ધરતી કે ધરતાના શા ભાર છે જે?

થોડુંય કંઈ સાહસ કરે એવા તે વેળા સસલો ચામાચોણુ ને ખિસકોલી ગણાતાં! તે ત્રણ તો ચડપ લઇને ઉઠયાં ને બોલ્યાં: ચાલો રાજાજી! એ પણ જોઈ નાંખીએ!

રાજાજી આગળ થયા. પાછળ પેલા ત્રણ ચાર હિંમતબાજ. તેની પાછળ વાઘ, સિંહ, શિયાળ વગેરે. એમનાં શરીર તો ધાકે ધાકે થરથર ધ્રુજે.

થોડે દૂર ગયા, એટલે એકાદ નાનકડો ડુંગર દેખાયો. સૌ ત્યાં થોભ્યા. પછી રાજાજી બોલ્યા: વારૂ, હું ઉંચકનારો તો ખરો. પણ મારે માથે એ મૂકશે કોણ? મારાથી જાતે તો કંઇ મૂકાવાનો છે જે?

હા ભાઇ!—સૌ બોલ્યાં: એ પણ મોટી મુશ્કેલી! કોઇક તો એને ઉંચકીને રાજાજીને માથે મૂકે એવો જોઇએ ને? બધા ખોળાખોળ કરવા આમતેમ દોડ્યા.

બધામાં આગેવાન તો આપણા સસલાભાઇ ને ખિસકોલીબાઈ! આ વાતમાં પણ તેમણેજ શિકાર માર્યો. ખોળતાં ખોળતાં એક જગાએ આવી પહોંચ્યા ને જુએ છે તો કોદાળી ને પાવડા લઈ કેટલાક માણસ માટી ખોદતા હતા! ખિસકોલી બોલી: ચાલો ભાઈ ચાલો! આ લોકો આપણો તોડ કાઢી આપશે. પહાડ માથે મૂકી શકશે.

પણ સસલાનું મન ના માન્યું. ડોકું ધુણાવી તે કહે: ના રે ભાઇ! આપણું તો દિલ નથી થતું! માણસ તો ભાઇ બહુ લુચ્ચું પ્રાણી! જે લાગમાં આવે તેને મારી નાંખે! મેં તો દુનિયાની બહુ લીલી સુકી જોઇ છે! હવે મારે અનુભવમાં શું બાકી છે? માણુસનો વિશ્વાસ કેમ કરવો?

ખિસકોલી કહે: ના, ના સસલાભાઇ! એમ શું બોલો છો? માણુસ કંઈ એવો એટલો બધો ઘાતકી નથી. લ્યોને, હુંજ આ ચાલી એની પાસે.

ખિસકોલીબાઈ તો દોડ્યાં. વાત કરી. સાંભળતાંજ સૌ માણુસ ટોળે મળ્યા ને વિચાર કરવા લાગ્યા.

ખૂબ મસલત ચાલી. થોડી વારે મુખી બોલ્યો: હા ભાઇ, કબુલ છે. પહાડ માથે મેલી આપીશું.

પછી તો કોદાળી પાવડા, ટોપલા લઈ બધું સરઘસ ગયું પેલા પહાડની પાસે.

પહાડ પાસે ઉભા ઉભા ગર્દભરાજ—ગધેડા મહારાજ બહાદુરીભેર પોતાના ડાબા પગની ખરીઓ ઠકાઠક પત્થર પર ઠોકી રહ્યા હતા. જાણે કહેતા હતા: લાવોને, ક્યાં છે તમારો માથે મૂકનારો! લાવોને, હવે કેમ ઢીલમાં પડ્યા છો?!

એટલામાં તો માણસો આવી પહોંચ્યા ને ફટાફટ પહાડમાંથી પથરા ખોદી ટોપલા વડે રાજાજીની પીઠ પર નાંખવા મંડ્યા! પથરા, માટી કાદવ બધું નાંખવા લાગ્યા! ગધેડાજી તો તેમાં અડધા પોણા ડૂબીજ ગયા! બીજા પ્રાણીઓ બ્હીકે ઘાકે ખૂબ દૂર જઇને ઉભા રહ્યા.

ત્યાં તો પથરા ને માટીનો જાણે ગધેડાજી પર વરસાદ જ વરસે છે! છેવટે ગધેડાજીનું એકલું ડોકું—માથુંજ બહાર દેખાય છે! તે ચીસો પાડે

છે: બસ, બસ! હવે નહિ, હવે નહિ! પણ તેનું સાંભળે કોણ? ટોપલા પર ટોપલા ઠલવાતાજ ચાલ્યા!

એટલે રાજાજી બોલ્યા: અરે, બસ! અરે, બસ! આ તો તમે એકને બદલે ત્રણ પહાડ મારા પર લાદી દીધા! બસ રે બસ!

પણ સાંભળેજ કોણ? ટોપલા પર ટોપલા ઠ-લવાયજ છેને! એટલે તો રાજાજી બરાડ્યા: અરે લુચ્ચા બેપગા! અરે દગાબાજ માણસ! પાપીયા, હરામી! સેતાન!—........

માણસ તો સાંભળેજ શું?

પછી તો તે કાલાવાલા કરે: અરે ભાઈ માણસ! અરે પરમેસરના દીકરા! ભાઈ, હવે તો બસ કર!

પણ કંઇ વળેજ નહિ! પછી તો ફક્ત એના બે હોઠજ દેખાય! સાસ બંધ થઇ ગયો, આંખે અંધાપો આવ્યો, ગળામાંથી અવાજ જ ન નીકળેને!

તોયે જેમતેમ હોઠ હલાવી રાજાજી ગળગળે

સાદે બોલ્યા: ઓ ભઇલારે! મને મારી શીદને નાંખે છે? હું તો ગરીબડો છું, હું તો ગધેડો છું, તારો જીંદગીભર ગુલામ રહીશ. તું કહેશે તે કરીશ, જેટલાં ડીફણાં મારશે તેટલા ખમીશ, જેટલા મહેણાં મારશે તેટલા સાંભળીશ! એક હરફે નહિ બોલું. મને છોડ, છોડ! જા ભાઇ! મારે રાજા નથી થવું. મારે ગર્દભરાજ નથી રહેવું! હું તો ગધેડો, સાદો ગધેડો જ રહીશ!

ત્યારે કેથું માણસનું દિલ પીગળ્યું! તેણે ગધેડાને બે કાન પકડી 'હેઇસો, હેઇસો' કરીને પેલા માટી પત્થરના ડુંગરમાંથી કાને કાનેજ ખેંચીને બહાર કાઢ્યો! એ ખેંચાખેંચમાંજ કાન પણ ખૂબ લાંબા થઇ ગયા!

ને બીજાંઓ તો ક્યાંનાં ક્યાં નાસી ગયાં! જચુશેઠ! તમને શી વાત કહું! બધા સુખમાં ભાગીયા હતા! દુ:ખમાં ભાગી ગયાં! પેલો સસલો તો બોલ્યો: જોઇને આ માણસ જાત! કેવું પોતાનું કામ કાઢી લીધું!

(૬)

પશુરાજ તે દિવસથી ઉલટપાલટ થઈ ગયું ! અમારા—ગધેડાઓની ગાદીનો તે દહાડાથી અંત આવ્યો !

જગુશેઠ ! અમારા વડવાઓની કીર્તિ આવી છે. તે પર એક વાર પાણી ફરી વળ્યાં ! ને આજે તેથી રોજ અમારે ડીફણાં ખાવા પડે છે ! ગુલામીનો પટો એક વાર લખી આપ્યો તે પાળ્યાંજ કરવો પડે છે ને માટી ઇંટ ને પથરા ઉંચકયાંજ કરવા પડે છે ! હાય રે !

ગંગારામની આંખમાંથી તો ડબડબ આંસુ પડે. હું બોલ્યો: રડ ના, ગંગારામ રડે શું વળશે ! આવ આવ ! કહેતો હું એના આંસુ લૂછવા એની પાસે જવા ગયો ત્યાં તો ઓહ—હું તો ચમકીને ઉઠયો ! બાપ રે ! ઓહો ! ગંગારામ તો પેલો.... મ્હણે દૂર ચરે છે !

ઓત્તારી ! ત્યારે આ તો બધું સપનુંજ હતું કે?

પણ સપનું કેવું મજાનું ! વાત ખરી હશે કે ?

ચાલો, ઘેર જઈ ભાણુાકાકાને પૂછી જોઉં!

પછી તો હું ને ગોરધન ને ચંપી ને ઠાકોર સૌ ઘેર ગયાં. બીજે દહાડે હું ગંગારામને પાછો મૂકવા ગયો. તે વેળા મેં તો ભાણુાકાકાને બધી વાત કરી. તે સાંભળી ભાણુાકાકા ને દિવાળી કંઇ હસે તો હસે! અમે સૌ બહુજ હસ્યાં ને ગમ્મત કરી. જમની કાકીને પણુ ઘણી મઝા પડી. ને ભાણુાકાકા તો કહે: જોયું ને જગુશેઠ! આ ગધેડાને ડીફણાં શા સારૂ પડે છે તે!



સમાપ્ત.


RASIK



બીરબલનો બન્ધુ

પુષ્પ) નું (ત્રીજું

એક ચિત્ર

અકબર ને બીરબલની આવે છે તેવી ઘણીજ રસભરી, તદ્દન નવી અને વિવિધ વિષયની, ચાલાકી અને હાજરજવાબીપણાની વાર્તાઓ. દરેક પત્રકારે આ વાર્તાઓનાં વખાણ કર્યાં છે કિંમત માત્ર આઠ આના.

આલોધાનમાલાના કાયમી

ગ્રાહક બનો

પણી બાજુએથી આ માળાના કાયમી ગ્રાહક બનવા માટે પૂછપરછ આવ્યા કરે છે. તેથી એવો નિયમ કર્યો છે કે જે કોઇ ભાઇ યા બહેન રૂા. ૪ અમારે ત્યાં અનામત મુકશે તેને અનામત મળ્યાની તારીખ પછી બહાર પડતાં પુસ્તકો નિયમિત રીતે મળશે. અનામત મુકવાનો લાભ એ છે કે પુસ્તકોનું ટપાલ ખર્ચ સંસ્થા ભોગવશે અને ગ્રાહકને છાપેલી કિંમતે ઘર બેઠાં ચોપડી મળશે. આ રીતે મુકેલી રકમનો બરાબર હિસાબ રખાશે અને રકમ પૂરી થતાં ગ્રાહકને ખબર આપી વધુ નાણું મંગાવી લેવાશે. આમાં કોઇ જાતની દાખલ ફી કે કશું નથી. છેક ઓછી કિંમતની ચોપડીઓ હશે તો બે બે ત્રણ ત્રણ સાથે મોકલાવી દેવાશે. વરસના ગાળામાં રૂા. ચારથી વધુ લાગત ગ્રાહકને આવશે નહિ પણ ચોપડીઓ અમુક આંતરે બહાર પડેજ, એવો કંઇ નિયમ નથી. અનામત મળ્યા પહેલાંના પુસ્તકો ગ્રાહકને જોઇશે, તો પુરી કિંમતે અપાશે. પણ બધાં સાથે લેશે તો વળતર કાપવામાં આવશે. આજેજ

મનીઓર્ડર કરો.

બાળસાહિત્યના ગાંડીવ [illegible]

૧	ટૉલ્સ્ટૉયની ત્રણ વાતો	૦-૫-૦
૨	[illegible]	૦-[illegible]-૦
૩	[illegible]	૦-૮-૦
૪	[illegible] (ટૉલ્સ્ટૉય)	૦-૮-૦
૫	[illegible]	૦-[illegible]-૦
૬	[illegible]	૦-[illegible]-૦
૭	બાળવિહાર (૧)	૦-૧૨-૦
૮	[illegible]	૦-[illegible]-૦
૯	પક્ષીઓનું [illegible]	૦-[illegible]-૦
૧૦	જાદુઈ [illegible]	૦-[illegible]-૦
૧૧	[illegible]પુરી	૦-[illegible]-૦
૧૨	[illegible]	૦-[illegible]-૦
૧૩	[illegible] ટીપુડો	૦-[illegible]-૦
૧૪	[illegible]	૦-[illegible]-૦
૧૫	ધૂપસળી	૦-[illegible]-૦
૧૬	બાળવિહાર (૨)	૦-[illegible]-૦
૧૭	મોતીના દાણા	૦-૪-૦
૧૮	એક હતો [illegible]	૦-૪-૦
૧૯	[illegible]	૦-૨-૦
૨૦	નવનીત	૦-૩-૦
૨૧	[illegible]	૦-૪-૦
૨૨	[illegible]	૦-૧-[illegible]
૨૩	[illegible]	૦-૧-[illegible]
૨૪	[illegible]	૦-૩-[illegible]
૨૫	[illegible]	૦-૪-૦
૨૬	[illegible]	૦-૧-૦
૨૭	રમકડાંની દુકાન	૦-૧-૦
૨૮	[illegible]	૦-૧-૦

[illegible] રૂ. [illegible]